# માવાના નમૂનાની ઝુંબેશ, પણ ગયા વરસે 28 ટકા નમૂના ફેઇલ થયા હતા

**ફૂડ** વિભાગે 12 સંસ્થા સામે તો કેસ દાખલ કર્યો છે, છતાં માવામાં ભેળસેળ કરતા વેપારીઓ બેફામ

સુરતઃ સુરત મહાનગરપાલિકાના ફૂડ વિભાગ દ્વારા માવાનાં સેમ્પલ લેવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. અગાઉ વર્ષ-2025-26 દરમિયાન કરવામાં આવેલી તપાસના આંકડા ચોંકાવનારા છે. આ સમયગાળા દરમિયાન શહેરની જુદી જુદી 43 સંસ્થામાંથી માવાના નમૂના લેવામાં આવ્યા હતા, જેમાંથી 12 નમૂના નાપાસ થયા હતા.

માવાના નમૂનાઓ ગુણવત્તાનાં ધોરણો પર ખરા ન ઊતરતાં મનપા ફૂડ વિભાગે સંબંધિત 12 સંસ્થા સામે ફરિયાદ દાખલ કરી હતી. એટલે કે, તપાસવામાં આવેલા કુલ નમૂનાઓમાંથી આશરે 28 ટકા નમૂના નિષ્ફળ રહ્યા હતા.

### વર્ષ 2025-26માં સંસ્થાઓના નમૂના ફેઇલ જતા ફરિયાદ થઈ છે

- અંબાશંકર માવાભંડાર બરાનપુરી ભાગળ
- ક્રિષ્ના ડેરી વરાછા રોડ
- શ્રી કૃષ્ણા માવા ભંડાર ખાંડવાળાની શેરી
- જય અંબા માવા ભંડાર, ચારણા શેરી
- નંદકિશોર માવાવાળા, કોટસફિલ રોડ
- ગણેશ ડેરી એન્ડ સ્વીટ, આશાનગર-2 ઉધના
- શ્રી ક્રિષ્ણા ડેરી ભગુનગર, વરાછા રોડ
- શંકરલાલ માવાવાળા, તરતિયા હનુમાનની શેરી
- અંબાશંકર માવાભંડાર, બરહાનપુરી ભાગળ
- દુર્લભજી માવાભંડાર, બરહાનપુરી ભાગળ
- શ્રી વલ્લભ દૂધમંડળી એન્ડ સ્વીટ, મોટા વરાછા
- વરણા દૂધ ગુરુકૃપા ડેરી, વાલમનગર સોસાયટી, સીમાડા ગામ

## વિવિધ ખાદ્યપદાર્થોના ફૂડ ચેકિંગમાં 2025માં 2,544 નમૂના લેવાયા, 140 ફેઇલ થયા હતા

સુરત મહાનગરપાલિકાના ફૂડ ઇન્સ્પેક્શન વિભાગ દ્વારા ખાદ્ય પદાર્થોની ગુણવત્તા અને સલામતી જાળવવા હાથ ધરવામાં આવેલી તપાસની કામગીરીના આંકડા સામે આવ્યા છે. વર્ષ-2025માં મનપાએ કુલ 2,544 નમૂના લીધા હતા, જેમાંથી 2,394 નમૂના પાસ થયા હતા, જ્યારે કોસ્ટક મુજબ 140 નમૂના ફેઇલ જાહેર થયા હતા. આ દરમિયાન અનસેફ, સબસ્ટાન્ડર્ડ અને મિસબ્રાન્ડેડ નમૂનાઓ સામે કાર્યવાહી કરવામાં આવી હતી. 2023માં ફેઇલ નમૂનાઓ સૌથી વધુ 206 રહ્યા હતા. ત્યારબાદ 2024માં 196 અને 2025માં ઘટીને 140 થયા છે. એટલે 2025માં 2024ની સરખામણીએ 56 ઓછા ફેઇલ નમૂના નોંધાયા છે. બીજી તરફ, 2025માં 200 ચુકાદા અને રૂ.28.92 લાખનો દંડ કરાયો હોવાનું મનપાનો રેકોર્ડ જણાવે છે. 2025 દરમિયાન કુલ રૂ.28,92,300નો દંડ વસૂલવામાં આવ્યો હતો. ઉપરાંત 10,452 લાઇસન્સ-રજિસ્ટ્રેશન નોંધાયાં હતાં, જે અગાઉનાં વર્ષોની સરખામણીએ નોંધપાત્ર રીતે વધુ છે. આંકડા પ્રમાણે 2024માં 2,339 નમૂના લેવામાં આવ્યા હતા અને કુલ 196 ખામીયુક્ત નમૂનાઓ નોંધાયા હતા. તે વર્ષે 228 ચુકાદા સાથે રૂ.39.53 લાખનો દંડ થયો હતો. 2023માં 2,448 નમૂનામાંથી કુલ 206 ખામીયુક્ત નમૂનાઓ નોંધાયા હતા અને રૂ.20.50 લાખનો દંડ વસૂલાયો હતો. જ્યારે 2022માં 2,324 નમૂના લેવામાં આવ્યા હતા અને 178 નમૂના ફેઇલ નોંધાયા હતા. ખાસ નોંધનીય બાબત એ છે કે, 2025માં અગાઉના વર્ષની સરખામણીએ ફેઇલ નમૂનાઓની સંખ્યા ઘટી હોવા છતાં કેસના ચુકાદા અને લાઇસન્સ-રજિસ્ટ્રેશનની કામગીરીમાં નોંધપાત્ર વધારો થયો છે.

**જુદી જુદી વસ્તુઓના વર્ષવાર ફેઇલ નમૂનાઓ** | 2022 **178** ફેઇલ નમૂના | 2023 **206** ફેઇલ નમૂના | 2024 **196** ફેઇલ નમૂના | 2025 **140** ફેઇલ નમૂના

આજે શ્રાવણનો ચૌદમો દિવસ

## ફરતે ઉધોગો છતાં આસ્થાનું કેન્દ્ર પાંડેસરાનું દક્ષેશ્વર મહાદેવ મંદિર

**શ્રાવણમાં મહાદેવનો મહિમા**

સુરતઃ પાંડેસરા વિસ્તારમાં આકાશ ભૂમિ કોમ્પ્લેક્સ પાસે આવેલું શ્રી દક્ષેશ્વર મહાદેવ મંદિર શિવભક્તો માટે આસ્થાનું મહત્વનું કેન્દ્ર છે. સુરત-નવસારી રોડ નજીક આવેલા આ શિવાલય સાથે પાંડેસરા અને ભેદવાડ વિસ્તારના અનેક ભક્તોની શ્રદ્ધા જોડાયેલી છે. વર્ષોથી અહીં ભગવાન શિવની ભક્તિપૂર્વક આરાધના કરવામાં આવે છે. શ્રાવણ માસ, મહાશિવરાત્રી તેમજ દર સોમવારે મંદિરમાં દર્શન અને પૂજા માટે ભક્તોની ભીડ જોવા મળે છે. ઔદ્યોગિક વિસ્તાર તરીકે વિકસેલા પાંડેસરા જીઆઈડીસીમાં આ મંદિર આધ્યાત્મિક શાંતિનું કેન્દ્ર બન્યું છે. સ્થાનિક લોકો અને ટ્રસ્ટના સહયોગથી સમયાંતરે મંદિરનો વિકાસ કરવામાં આવ્યો છે. પર્વોના દિવસોમાં મંદિર પરિસર ભક્તિમય વાતાવરણથી ગુંજી ઊઠે છે.

# તમિલનાડુના વિદ્યાર્થીઓને નશીલી દવા સપ્લાય કરનાર સુરતથી પકડાયો

**મોટા** વરાછામાં વ્રજભૂમિ રો હાઉસમાં રહેતો નિકુંજ ગજેરા ઓનલાઈન પ્રતિબંધિત દવાઓ વેચતો હતો

સુરતઃ સરથાણા જકાતનાકા પાસે આવેલા 'ગોકુલમ આર્કેડ'ના પ્રથમ માળે દુકાન નં.૧૧૦માં પ્રિસ્ક્રિપ્શન વગર એલોપેથિક અને શંકાસ્પદ દવાઓનું ઓનલાઈન વેચાણ થઈ રહ્યું છે. પોલીસે દરોડો પાડતા વ્રજભૂમિ રો હાઉસ, મોટા વરાછા ખાતે રહેતો નિકુંજ વિનુભાઈ ગજેરા ઝડપાઈ ગયો હતો.નિકુંજ કોઈપણ માન્યતા કે ડોક્ટરના પ્રિસ્ક્રિપ્શન વિના માનવ સ્વાસ્થ્ય માટે અત્યંત જોખમી એવી શિડ્યુલ H1 કેટેગરીની દવાઓનો મોટો જથ્થો રાખીને બેઠો હતો. સરથાણા પોલીસે જાણવા જોગ નોંધી હતી.

### 800ની દવા ઓનલાઈન 2200માં વેચાતી હતી

પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે, આરોપી નિકુંજ આશરે રૂ. 800માં દવાઓ ખરીદીને ઓનલાઈન રૂ. 2200 જેવા ઊંચા ભાવે ગ્રાહકોને વેચતો હતો. જેમાં તમિલનાડુમાં સૌથી વધુ દવા સપ્લાઇ કરી ચૂક્યો હોવાનું બહાર આવ્યું છે.

### તમિલનાડુમાં વિદ્યાર્થીઓ ગોળીઓને કોલ્ડ્રિંક્સ અને ફ્રૂટ જ્યુસમાં ભેળવીને પીતા હતા

પોલીસ પૂછપરછમાં અત્યંત ચોંકાવનારો ખુલાસો થયો છે કે, આરોપીએ તમિલનાડુમાં 1000થી વધુ ટેપેન્ટાડોલની ગોળીઓ સપ્લાય કરી હતી. આ નશાકારક ગોળીઓ ત્યાંના સ્કૂલ અને કોલેજના વિદ્યાર્થીઓ સુધી પહોંચાડવામાં આવતી હતી. વિદ્યાર્થીઓ આ ગોળીઓને કોલ્ડ્રિંક્સ અને ફ્રૂટ જ્યુસમાં ભેળવીને પીતા હતા અને નશો કરતા હોવાનું સામે આવ્યું છે. તમિલનાડુ પોલીસ તેની ધરપકડ કરી લઈ ગઈ હતી.

### નિકુંજ એમ.ફાર્મ હોવાનો ફાયદો ઉઠાવી ત્રણ વર્ષથી વેપલો કરતો હતો

નિકુંજ એમ. ફાર્મનો અભ્યાસ કરી ચૂક્યો છે. જેના સર્ટિફિકેટ આધારે તે આધારે તેણે ત્રણ વર્ષથી ગોકુલ આર્કેડમાં દવાનું ગોડાઉનની આડમાં H1 કેટેગરી દવાનું ડોક્ટરના પ્રિસ્ક્રિપ્શન વગર વેચાણ કરતો હતો.

## કોમી-એખલાસ સાથે સુરતમાં ઈદે મિલાદનું જુલુસ નીકળ્યું

■ હઝરત મોહંમદ પૈગમ્બર સાહેબના જન્મદિન ઈદ-મિલાદુન્નબીની સુરત શહેરમાં ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. ઝાંપાબજારથી નીકળેલા જુલૂસમાં એક લાખથી વધુ લોકો જોડાયા હતા. ધાર્મિક નાત શરીફ, દુરૂદ-શરીફ અને ભાઈચારાના સંદેશ સાથે શાંતિપૂર્ણ રીતે નીકળેલા જુલૂસમાં કોમી એકતા અને સૌહાર્દના સુંદર દૃશ્યો જોવા મળ્યાં હતાં. ભાગળ ચાર રસ્તા ખાતે ઈનચાર્જ પોલીસ કમિશનર વાબાંગ ઝમીર સહિત પોલીસ અધિકારીઓએ જુલુસને લીલીઝંડી આપી હતી. **(તસવીર : સતીષ જાદવ)**

## સંક્ષિપ્ત સમાચાર

### અ.હિં.મ.પ. દ્વારા નર્મદજયંતિ નિમિત્તે તેમના પરિચય સાથે કૃતિઓ રજૂ કરાઈ

સુરતઃ અ.હિ.મ.પ. સુરત શાખા દ્વારા નર્મદજયંતિ નિમિત્તે સુરતના લેખકો નર્મદાશંકર મહેતા એટલે વીર કવિ નર્મદ, ધનસુખલાલ મહેતા, જ્યોતિન્દ્ર દવે, ભગવતીકુમાર શર્મા સાથે ગોવર્ધનરામ ત્રિપાઠી, ઝવેરચંદ મેઘાણી, પન્નાલાલ પટેલ, કુંદનિકા કાપડિયાનો પરિચય અને એમની કૃતિઓ પ્રસ્તુત કરવામાં આવી હતી. જેમાં જે તે લેખકની કૃતિ સાથે પરિચય, વેશભૂષા અને નૃત્ય /નાટ્ય/ ગરબા રજૂ કરવામાં આવ્યાં હતાં. સમગ્ર કાર્યક્રમનું સંકલન લીના ખાનસાહેબ તથા અલકા ચોકસીએ કર્યું હતું. ૭૦ જેટલા સભ્ય બહેનોએ તથા કર્મચારીગણે ભાગ લીધો હતો.

### સમાજમાં નામ થાય એ માટે માણસ પૈસા ખૂબ વાપરી રહ્યો છે: પદ્મદર્શનસૂરિજી

ભીવંડીઃ શ્રી ગોકુળનગર નજરાણા જૈન સંઘના આરાધના ભવનમાં જૈનાચાર્ય પદ્મદર્શનસૂરિજી મહારાજે ધર્મસભા સમક્ષ અમૃતવાણી વહાવતા કહ્યું હતું કે, તાવ માપવા માટે થર્મોમીટર છે, સુગર માપવા માટે ગ્લુકોમીટર છે અને બ્લડ પ્રેશર માપવા માટે પણ મશીન હોય છે, આત્માની અંદર થતાં ખળભળાટ માપવા માટે ધર્મક્રિયાઓ છે. ધર્મક્રિયાઓ એ ક્રિયાત્મક ધર્મ છે. ક્રિયાત્મક ધર્મ દ્વારા આપણે ગુણાત્મક ધર્મ તરફ જવાનું છે. ક્રિયાઓ કરતાં કરતાં જીવનમાં કેટલા ગુણોનું પ્રાગટ્ય થયું તે જોવાનું છે. ગુણવિકાસ એ મોક્ષમાર્ગનું પ્રથમ પગથિયું છે. આરાધના, સાધના અને તપ-ત્યાગ કર્યા પછી આત્મસૌન્દર્યને ઉજાગર કરવાનું છે. અત્યારે રુટિન ધર્મ વધી રહ્યો છે પણ રિયાલીટીનો ધર્મ ઘટી રહ્યો છે. સમાજમાં નામ થાય એ માટે માણસ પૈસા ખૂબ વાપરી રહ્યો છે.

### અગ્રવાલ વિકાસ ટ્રસ્ટ દ્વારા ૧૨મી કાવડ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું

સુરતઃ અગ્રવાલ વિકાસ ટ્રસ્ટ યુવા શાખા દ્વારા ૧૨મી વિશાળ કાવડ યાત્રાનું આયોજન રવિવારે કરવામાં આવ્યું હતું. નાવડી ઓવારા પર કાવડ પૂજા પછી યાત્રા શરૂ થઈ. યાત્રામાં પાંચસો કાવડ યાત્રીઓ જીવંત ઝાંખી અને બેન્ડ-વાજા સાથે શહેરના મુખ્ય માર્ગો પરથી પસાર થઈને સિટી લાઈટ સ્થિત મહારાજા અગ્રસેન પેલેસ પહોંચ્યા. જ્યાં તમામ કાવડિયાઓએ ગૌરી શંકર મંદિરમાં ભગવાન ભોળાનાથનો જલાભિષેક કર્યો. આ પ્રસંગે ટ્રસ્ટના અનેક સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. તમામ કાવડિયાઓ માટે ટ્રસ્ટ દ્વારા અલ્પાહારની વ્યવસ્થા કરવામાં આવી હતી.

### ઉચ્ચ મહિલા પોલીસ અધિકારીઓએ વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યું

સુરતઃ મહિલા ગુન્હા નિવારણ શાખા અને સુરત પોલીસના ઉધના ઝોન ૨ ડીસીપી કાનન દેસાઈ દ્વારા સનરેઝ સ્કૂલ અને લીઓ સ્કૂલ ઓફ સાયન્સ ખાતે વિદ્યાર્થીઓને સાયબર ક્રાઈમ વિશે જાગૃત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં ડીસીપી કાનન દેસાઈ અને મહિલા સેલના એસીપી મિનિ જોસેફે પ્રેરક માર્ગદર્શન આપ્યું હતું. ડીસીપી કાનન દેસાઈએ બાળકો સાથે સંવાદ કરતા જણાવ્યું હતું કે, પોલીસ થી ડરો નહીં. પોલીસ તમારી સેવા માટે છે. એસીપી મિનિ જોસેફ બુલિંગ શું કહેવાય ? બ્લેકમેલિંગનો ભોગ કોણ બને?, ડિજિટલ અરેસ્ટથી કેવી રીતે બચવું? મોબાઈલમાં સોશિયલ મીડિયાના ઉપયોગમાં કઈ કઈ કાળજી રાખવી તેનું માર્ગદર્શન આપ્યું હતું.

### ગોરાટ અડાજણ સિનિયર સિટીઝન ક્લબના પ્રમુખ ઈશ્વરભાઈ પટેલનું રાજીનામું

સુરતઃ શ્રી ગોરાટ અડાજણ સિનિયર સિટીઝન ક્લબ અને શાંતિકુંજ ગાર્ડનની બેઠક ગોરાટ હનુમાન ચોક ગાર્ડનમાં મળી હતી. જેમાં મોટી સંખ્યામાં કાર્યકરો અને મહિલાઓ ઉપસ્થિત રહ્યાં હતાં. ક્લબના પ્રમુખ ઈશ્વરભાઈ સી. પટેલે પોતાની નાદુરસ્ત તબિયત અને અંગત કારણોસર તા. ૨૨ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ સ્વેચ્છાએ રાજીનામું આપ્યું હતું, જેને બેઠકમાં સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યું હતું. બેઠકમાં ટૂંક સમયમાં જનરલ મીટિંગ બોલાવી નવી બોડીની રચના કરવા માટે જરૂરી કાર્યવાહી હાથ ધરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. ઉપરાંત સલાહકાર સમિતિની પણ નિમણૂક કરવામાં આવશે તેમ જણાવાયું હતું.

## શ્રધ્ધા કપૂરના જવેલર્સ શો-રૂમમાં ચોરીમાં બિહારી ગેંગની સંડોવણી

**અલગ** અલગ રિક્ષા કરી ભટાર તરફ ભાગ્યા હતા, ચોરીનો આંકડો 30 લાખે પહોંચ્યો

સુરતઃ અડાજણ એલ.પી. સવાણી રોડ પર મધુવન સર્કલ પાસે સ્થિત 'વેલોસિટી બિઝનેસ હબ'ના ગ્રાઉન્ડ ફ્લોર પર આવેલા એક્ટર્સ શ્રદ્ધા કપૂરના 'પલમોનાઝ' (રેમિફાઈન ફેશન પ્રા.લિ.) નામના જ્વેલેરી શો-રૂમમાં તસ્કરોએ ત્રાટકી લાખોની મતાની ચોરી કરી હતી. આ ઘટનામાં મુંબઈથી સ્ટોક રિપોર્ટ આવ્યા બાદ ચોરીનો આંકડો 30 લાખ સુધી પહોંચ્યો હોવાનું સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે. ચોરીમાં બિહારી ગેંગ 6 સભ્ય હોવાનું ક્રાઈમ બ્રાંચની તપાસમાં સામે આવ્યું છે.

ગત મંગળવારની વહેલી સવારે શોરૂમમાંથી રોકડા રૂ. ૪૩,૦૦૦ તથા વોલ યુનિટ અને ફ્લેટ બેડમાં રાખેલી ૯ કેરેટ સોનાની લેબ ગ્રોન ડાયમંડ જ્વેલેરી તેમ જ ચાંદીના ઘરેણાં (કિંમત રૂ.૨૧,૦૦,૦૦૦) મળી કુલ રૂ. ૧,૪૩,૦૦૦ની મત્તા ચોરી કરી તસ્કર પલાયન થઈ ગયો હતો. ઘટનાની જાણ બાદ મુંબઈ હેડ ઓફિસ માંથી સ્ટોક રિપોર્ટ આવતા ચોરીનો આંકડો 30 લાખે પહોંચ્યો હતો. પોલીસની અલગ લાગ ટીમોએ 200 સીસીટીવી ફૂટેજ ચેક કરી આરોપીની ભાળ મેળવા પ્રયાસો હાથ ધર્યા હતા. આ દરમિયાન તસ્કરો છ જેટલા હોવાનું અને અલગ અલગ રિક્ષા બદલી ભટાર તરફ ભાગી છૂટ્યા હોવાનું માલુમ પડ્યું હતું. ક્રાઈમ બ્રાંચ પોલીસને ચોરીમાં બિહારી ગેંગ હોવાનું માલમ પડ્યું છે. આરોપીઓ પોલીસના હાથવેંતમાં હોવાનું જાણવા મળી રહ્યું છે.

## 10 વર્ષથી કાગળ પર ઉત્રાણ-એ.કે. રોડ સૂચિત બ્રિજનું સ્થળ બદલવા માંગ

**ભાજપના** કોર્પોરેટર ભૂપેન્દ્ર રાઠોડે અમરોલી સહકારી મંડળીથી બ્રિજ બનાવવા માટે રજૂઆત કરી

સુરતઃ સુરત મહાનગરપાલિકા દ્વારા છેલ્લા એક દાયકાથી ઉત્રાણ અને એ.કે.રોડ-અશ્વિનીકુમાર વિસ્તારને જોડતા તાપી નદી પર બ્રિજ બનાવવાનું આયોજન કરવામાં આવી રહ્યું છે, પરંતુ વિવિધ કારણોસર હજુ સુધી આ બ્રિજ સાકાર થયો નથી. હવે મનપાની સામાન્ય સભામાં બ્રિજના સૂચિત સ્થળને લઈને જ સવાલો ઉઠતાં પ્રોજેક્ટનું આયોજન ફરી ચર્ચામાં આવ્યું છે.

ભાજપના કોર્પોરેટર ભૂપેન્દ્ર રાઠોડે સૂચિત બ્રિજનું સ્થળ બદલવાની માંગ કરી હતી. તેમણે રજૂઆત કરી હતી કે હાલના બ્રિજના એપ્રોચના કારણે ઉત્રાણ ગામતળની અનેક મિલકતો ઉપરાંત ગાર્ડન અને આંગણવાડી પણ કપાતમાં જવાની સ્થિતિ સર્જાય છે.

બીજી તરફ એપ્રોચ ટી.પી. 27ના ડેડ એન્ડ પર પહોંચે છે અને તેની આગળ કોઈ મોટું ડેવલપમેન્ટ પણ નથી. અહીં જીઈબીની કમ્પાઉન્ડ વોલ હોવાને કારણે બ્રિજના એપ્રોચનો ઉપયોગ કેટલો અસરકારક રહેશે તે અંગે પણ સવાલો ઊભા થાય છે.

રાઠોડે વધુમાં જણાવ્યું હતું કે, સૂચિત બ્રિજથી આશરે 500 મીટરના અંતરમાં બંને તરફ કાપોદ્રા અને રામનગર તરફના બ્રિજ આવેલા છે. આવી સ્થિતિમાં આટલી નજીક વધુ એક બ્રિજ બનાવવાની જરૂરિયાત સામે પ્રશ્નાર્થ છે. ઉપરાંત નવા જમીન સંપાદન પાછળ મનપાને મોટો ખર્ચ પણ કરવો પડશે.

### 'અહીં જ બ્રિજ શા માટે?

રાઠોડે સામાન્ય સભામાં સવાલ ઉઠાવ્યો હતો કે જ્યારે નજીકમાં જ બે બ્રિજ ઉપલબ્ધ છે અને સૂચિત સ્થળે એપ્રોચ માટે મિલકતો કપાતમાં જાય છે, ત્યારે અહીં જ બ્રિજ શા માટે બનાવવો? તેના બદલે અમરોલી સહકારી મંડળીથી અશ્વિનીકુમારને જોડતો બ્રિજ બનાવવામાં આવે તો વધુ ઉપયોગી સાબિત થઈ શકે તેવી રજૂઆત તેમણે કરી હતી. હવે મનપા તંત્ર લાંબા સમયથી અટવાયેલા આ પ્રોજેક્ટના સ્થળમાં ફેરફાર કરે છે કે નહીં તે જોવાનું રહ્યું.

## રક્ષાબંધને મહિલા અને બાળકોને સિટીલિંકની બસોમાં મફત મુસાફરી

સુરત : ભાઈ-બહેનના પવિત્ર તહેવાર રક્ષાબંધન નિમિત્તે બહેનોને મફત બસ સેવાની મુસાફરીની ગીફ્ટ સુરત મનપા દ્વારા આપવામાં આવી છે. આગામી શુક્રવારે રક્ષાબંધનના રોજ ૧૫ વર્ષ સુધીના બાળકો સાથે બહેનો મનપાની બીઆરટીએસ અને સીટી બસ સેવાનો વિના મૂલ્યે લાભ લઈ શકશે. દર વર્ષે મનપા દ્વારા રક્ષાબંધનના રોજ બહેનોને મફત બસ સેવાની ગીફ્ટ આપે છે. આ વર્ષે પણ મનપા બહેનોને મફત બસ સેવાની ગીફ્ટ આપવામાં આવી છે. મનપાની સીટીબસ અને બીઆરટીએસ બસ સેવામાં મહીલાઓ ૧૫ વર્ષ સુધીના બાળકો સાથે વિના મુલ્યે બસમાં મુસાફરી કરી શકશે. હદવિસ્તરણ બાદ સુરત મનપાએ શહેરમાં સમાવેશ થયેલા નવા ગ્રામ્ય વિસ્તારોને પણ બસ સેવામાં આવરી લીધા છે.

**સુરતમાં ૩500થી લઈ 5 લાખ સુધીની રાખડીનો ટ્રેન્ડ વધ્યો**

# રાખડી હવે ભવિષ્યના રોકાણ સમાન



**સોનાની** ગિનીની સાથે ચાંદી તેમજ લેબગ્રોન ડાયમંડ સુધીની રાખડીઓની ધૂમ

સુરતઃ રક્ષાબંધનના પર્વને હવે માત્ર ભાઈ-બહેનના સ્નેહના તહેવાર પૂરતો સીમિત રાખવાને બદલે તેમાં રોકાણનો અભિગમ પણ જોવા મળી રહ્યો છે. સુરતમાં આ વર્ષે સોના, ચાંદી, પ્લેટિનમ અને ડાયમંડ ઉપરાંત લેબગ્રોન ડાયમંડથી તૈયાર કરવામાં આવેલી રાખડીઓની પણ ખાસ માંગ જોવા મળી હતી. ભાઈને રાખડી બાંધવાની સાથે સાથે કિંમતી ધાતુ કે હીરાના સ્વરૂપમાં ભેટ આપીને રોકાણ કરવાનો ટ્રેન્ડ પણ બહેનોમાં વધ્યો છે. જ્વેલરી બજારમાં આ વર્ષે રૂ.500થી શરૂ થતી રાખડીઓથી લઈને રૂ.5 લાખ અને તેનાથી પણ વધુ કિંમતની પ્રીમિયમ રાખડીઓનું વેચાણ થયું હોવાનું વેપારીઓ જણાવી રહ્યા છે. ખાસ કરીને સોનાની રાખડીમાં વિવિધ ડિઝાઇન ઉપરાંત ડાયમંડ અને લેબગ્રોન ડાયમંડનો ઉપયોગ કરીને તૈયાર કરવામાં આવેલી રાખડીઓએ ગ્રાહકોનું ધ્યાન ખેંચ્યું હતું.

### આખું વર્ષ પહેરી શકાય તેવી સ્પિરિચ્યુઅલ રાખડીઓની પણ માંગ

ઓમ, ગણપતિ સહિતના ધાર્મિક અને આધ્યાત્મિક પ્રતિકો ધરાવતી રાખડીઓનું પણ વેચાણ થયું છે. આ રાખડીઓની ખાસિયત એ છે કે રક્ષાબંધન બાદ તેને ઉતારીને મૂકી દેવાની જરૂર રહેતી નથી અને કેટલીક ડિઝાઇન એવી છે કે જેને આખું વર્ષ પહેરી શકાય. આ ઉપરાંત માત્ર 2 થી 3 ગ્રામ સોનામાં તૈયાર થયેલી બ્રેસલેટ લુકવાળી રાખડીઓ પણ ખૂબ ટ્રેન્ડમાં છે.

### ગિનીવાળી રાખડીઓ રોકાણ માટે ઉત્તમ

આ વખતે માર્કેટમાં 0.5 ગ્રામ, 1 ગ્રામ અને 2 ગ્રામ ગોલ્ડ કોઈન તેમજ ગિનીવાળી રાખડીઓની પણ ભારે માંગ છે. ગિનીવાળી રાખડીઓમાં ગ્રાહકોને કોઈ વધારાની ઘડામણ કે મજૂરી ચૂકવવી પડતી નથી, જેથી તે શુદ્ધ રોકાણનો ઉત્તમ વિકલ્પ બને છે.

### સોના-ચાંદીની રાખડી રોકાણ તરીકે ખરીદાય છે

જ્વેલરી વેપારી દિપક ચોક્સીના જણાવ્યા મુજબ, રક્ષાબંધન માટે ગ્રાહકો એવી રાખડી પસંદ કરી રહ્યા છે, જેની કિંમત પણ જળવાઈ રહે અને ભવિષ્યમાં તેને સંપત્તિ કે રોકાણ તરીકે પણ જોઈ શકાય. ભવિષ્યમાં ચાંદીનાં ભાવ વધશે તેવા પર્પઝ સાથે પણ લોકો ચાંદીની રાખડીઓની ખરીદી આ વર્ષે સર્વાધિક પ્રમાણમાં કરી રહ્યા છે.

## જૂની અદાવતમાં યુવકની હત્યા કરી લાશ નહેરમાં ફેંકી દીધી

**ભાઠેનામાં** ઝઘડો છોડાવવા ગયેલી મહિલા સાથે થયેલી મારપીટની અદાવતમાં માતા અને બે પુત્રએ હત્યાનું કાવતરું રચ્યું

સુરતઃ સલાબતપુરા વિસ્તારમાં આવેલા ભાઠેના બ્રિજ નીચે નહેર પાસે જૂની અદાવત રાખી એક યુવકની ઘાતકી રીતે હત્યા કરવાનો સનસનાટીભર્યો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. ઈઝ્ઝુ નામના વ્યક્તિ સાથે ઝઘડો કરી રહેલા ઈમરાનખાનને વચ્ચે પડેલી મહિલા અફસાના શેખે બોલાચાલી ના કરવા સમજાવતા, ઈમરાને અફસાનાને માર માર્યો હતો. આ વાતની અદાવત રાખી અફસાના શેખ તથા તેના બે પુત્રો મોહસીન શેખ અને મોઈન શેખે ભેગા મળી ઈમરાનખાન શેખની અત્યંત નિર્મમ રીતે હત્યા કરી લાશ નહેરમાં ફેંકી દીધી હતી.

ઉન પાટીયા ખાતે રહેતા અને રિક્ષા ડ્રાઈવિંગ કરતા ઈમરાનખાન ઈસ્માઈલખાન શેખની ગત તા. 21/08/2026 ના રોજ વહેલી સવારે ભાઠેના ચાર રસ્તા, BRTS બસ સ્ટેશન પાસે આવેલ બ્રિજ નીચે હત્યા કરવામાં આવી હતી. ત્યારબાદ લાશને ત્યાં જ નહેરના પાણીમાં ફેંકી દીધી હતી અને ત્યાંથી ફરાર થઈ ગયા હતા. બનાવ અંગે સ્થાનિક ચશ્મદીદ ઝાકીરખાન ઉર્ફે ગુડ્ડુ પઠાણ નામના વ્યક્તિએ ઈમરાનખાનના ભાઈ નાજીમ પઠાણને સમગ્ર ઘટનાની જાણ કરી હતી. ઉપરાંત જૈનબ ઉર્ફે તકલી નામના સાક્ષીની પૂછપરછમાં હત્યા પાછળનું સાચું કારણ બહાર આવ્યું હતું. પોલીસે મોહસીન શેખ, મોઈન શેખ અને અફસાના શેખ (તમામ રહે., ભાઠેના બ્રિજ નીચે, સુરત) વિરુદ્ધ ગુનો નોંધી આગળની કાયદેસરની તપાસ હાથ ધરી છે.